# <u>કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., અરણેજ ખાતે ગ્રામીણ વિજ્ઞાન સ્નાતક કક્ષાણા વિદ્યાર્થીઓની મુલાકાત</u>

લોકભારતી લોકસેવા મહાવિદ્યાલય, સણોસરા, ભાવનગર માં ગ્રામીણ વિજ્ઞાન સ્નાતક **(B.R.S.)** કરતા ૭૨ જેટલા વિદ્યાર્થી તથા વિદ્યાર્થીનીઓ અને ડો. વાય. એસ. ત્રિવેદી એ તા.૦૬/૧૦/૨૦૨૨ ના રોજ આણંદ કૃષિ યુનિવર્સીટી હેઠળના અરણેજ ખાતેના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અને કૃષિ સંશોધન કેન્દ્રની મુલાકાત લીધેલ હતી. કેન્દ્રની મુલાકાત લેવા આવેલા વિદ્યાર્થીઓને શરૂઆતમાં ડો. કે. ડી. ગુલકરી, વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાએ અત્રેની કચેરી દ્વારા કરવામાં આવતી કામગીરી વિષે અને ભાલ વિસ્તાર વિશેની માહિતી આપેલ હતી. ત્યારબાદ શ્રી. નરેન્દ્ર બુમ્બડિયા, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક અને વડા, કૃષિ સંશોધન કેન્દ્ર, આકૃયુ, અરણેજએ કૃષિ સંશોધન કેન્દ્ર ખાતે ચાલતી કામગીરી અને ભાલીયા ઘઉં વિષે માહિતી આપેલ હતી. શ્રીમતી. હીનાબેન ચાવડા, વૈજ્ઞાનિક (ગૃહવિજ્ઞાન)એ ખાદ્ય ખોરાકમાંથી મળતા પોષણ અંગેની માહિતી આપેલ હતી. અને ડો. નિતિન પટેલ, વૈજ્ઞાનિક (પશુવિજ્ઞાન)એ ભાલ વિસ્તાર તેમજ તેની આસપાસના વિસ્તારોમાં થતા પશુપાલન વિષે માહિતી આપેલ હતી.



